# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- ઔદ્યોગિક નીતિ હેઠળ 32 મોટા એકમો રાજ્યમાં ૧ હજાર ૬૧૭ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ કરશે
- નીટ-યુજી પરિક્ષા રદ ન કરવા ગુજરાતના 56 સફળ ઉમેદવારોએ સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી
- આવતીકાલે ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય સહકાર દિવસની ઉજવણી કરાશેઃ સહકારિતા મંત્રી અમિત શાહ ઉપસ્થિત રહેશે
- શાળા પ્રવેશોત્સવની સમાપ્તિ બાદ ગાંધીનગર ખાતે 'પ્રતિભાવ બેઠક' યોજાઈ
- રાજ્યનાં 100થી વધુ તાલુકાઓમાં વરસાદઃ દાંતામાં ચાર કલાકમાં આઠ ઇંચ વરસાદ ખાબક્યો

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# FINAL ELIGIBILITY

રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક નીતિ- ૨૦૧૫ હેઠળ 'ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રિઝ' યોજના જાહેર કરવામાં આવેલી છે. આ યોજના હેઠળ ગઇકાલે ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપુતના અધ્યક્ષ સ્થાને તથા રાજ્ય કક્ષાના મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં મોટા ઉદ્યોગોને ફાઇનલ એલીજીબીલીટી પ્રમાણપત્ર આપવા અંગેની સમિતિની બેઠક યોજાઇ હતી.

બેઠકમાં અંદાજીત ૧ હજાર ૬૧૭ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ ધરાવતા ૩૨ મોટા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.. જેનાથી રાજ્યમાં અંદાજિત ૩ હજાર ૭૬૬ જેટલી રોજગારીનું સર્જન થયુ છે.

આ મંજૂર કરવામાં આવેલ અરજીઓ પૈકી મોરબી જિલ્લામાં સિરામિક તથા પેપર ઉદ્યોગમાં ૫૭૧.૩૦ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ, કચ્છ જિલ્લામાં પેપર તથા મેટલ ઉદ્યોગમાં ૨૪૮.૨૫ કરોડ રૂપિયા, અમદાવાદ જિલ્લામાં ઑટો ઇન્ડસ્ટ્રીઝ તથા મેટલ ક્ષેત્રમાં ૧૧૨.૭૭ કરોડ રૂપિયા સહીતના વિવિધ જીલ્લાઓમાં મૂડીરોકાણને સહાય માટે મંજૂરી આપવામાં આવી હતી.

જે રાજ્યમાં ઉદ્યોગોને વધુને વધુ સક્ષમ બનાવવા તથા સીધી તથા આડકતરી રોજગારી વધારવામાં મહત્વનો ભાગ ભજવશે.

-------------------------------------------------------------------

- અખબારી યાદી--- માહિતી -હર્ષલ પંડ્યા

-(NAVIN)

# NEET GUJARAT

ગત મે મહિનામાં યોજાયેલ NEET-UG 2024 પરીક્ષામાં કથિત પેપરલીક અને ગેરરીતીના કારણે પરીક્ષા રદ કરવા સર્વોચ્ચ અદાલતમાં કરાયેલી અરજીઓ વિરૂદ્ધ ગુજરાતના 56 વિદ્યાર્થીઓએ પરીક્ષા રદ ન કરવાની માંગ કરી છે.

આગામી 8 જુલાઇએ થનાર સુનાવણી પૂર્વે આ ઉમેદવારોએ સર્વોચ્ચ અદાલત અને રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી NTAને ફરી પરીક્ષા ન યોજવાની માંગ કરી છે.

ઉલ્લેખનીય છે કે, મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડના વડપણ હેઠળ આ સુનાવણી હાથ ધરાશે. ઉમેદવારોના કહ્યા મુજબ જો આ પરીક્ષા ફરીથી લેવાશે તો મહેનતુ અને પ્રામાણીક વિદ્યાર્થીઓએ અન્યાય થશે. વિદ્યાર્થીઓએ ગેરરીતી આચરનારા ઉમેદવારોને કડક સજા કરવાની પણ માંગ કરી છે.

---

-ડેસ્ક, હર્ષ -(NAVIN)

# International Cooperation Day

આવતીકાલે ૧૦૨મા ‘આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ’ નિમિતે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય કક્ષાનો ‘સહકાર સે સમૃદ્ધિ’ કાર્યક્રમ યોજાશે તેમ, ઇફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમની તૈયારીઓનું નિરીક્ષણ કર્યા બાદ ગઇકાલે રાજ્ય સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ સમીક્ષા બેઠક યોજી હતી.

શ્રીસંઘાણીએ સહકાર સે સમૃદ્ધિના કાર્યક્રમની વધુ વિગતો આપતા કહ્યું હતું કે, દેશમાં સહકારિતા મંત્રાલયના સફળતાપૂર્વક ત્રણ વર્ષ નિમિતે ગુજરાતમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય કક્ષાના સહકાર કાર્યક્રમની ઉજવણી કરાશે.

તેમણે કહ્યું હતું કે, આ કાર્યક્રમમાં ગુજરાત સહિત દેશભરમાંથી અંદાજે ૫,૦૦૦થી વધુ સભ્યો, ૨૦૦થી વધુ રાષ્ટ્રીયકક્ષાના સહકારી ક્ષેત્રના પ્રતિનિધિઓ, દૂધ મંડળીઓ-સંઘો, સહકારી બેંકો, APMC સહિત વિવિધ સહકારી ક્ષેત્રો સાથે જોડાયેલા સંગઠનો, આગેવાનો અને સભાસદો ભાગ લેશે.

---

- માહિતી ખાતુ.. અનિલ આર પટેલ -(NAVIN)

# SAMPOORNATA ABHIYAN

ભારત સરકારના નીતિ આયોગ દ્વારા સંપૂર્ણતા અભિયાન અંતર્ગત રાજ્યનાં 13 તાલુકાઓનો સમાવેશ કરાયો છે. જે અંતર્ગત ગઈ કાલે દાહોદ જિલ્લાના ગરબાડા ખાતે કલેકટર દ્વારા સંપૂર્ણતા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના કેટલાંક અવિકસિત જિલ્લાઓમાં ઝડપથી અને અસરકારક રીતે પરિવર્તન લાવવાનો છે. આ અંગે દાહોદ જિલ્લા કલેકટર યોગેશ નિરગુડે વધુમાં જણાવ્યું કે .......

**(બાઈટ યોગેશ નીરગુડે - દાહોદ જિલ્લા કલેકટર)**

-------------------------------------------------------------------

- પીટીસી દાહોદ /હેમાંગીની -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# Morbi Visit Kunwarji Bawalia

જળ સંપતિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ વાંકાનેર પ્રાંત કચેરી ખાતે વાંકાનેર તાલુકાના પાણી પુરવઠા અને સિંચાઈ વિભાગના વિવિધ પ્રશ્નો અને કામગીરીની સમીક્ષા બેઠક યોજી હતી.

આ બેઠકમાં શ્રી બાવળીયાએ વાંકાનેર જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના હેઠળ આવેલા ગામડાઓની વિગત મેળવી જે ગામોમાં પાણીના પ્રશ્નો હોય તે જાણીને તેનું નિવારણ લાવવાની અને જરૂર પડ્યે પાણી માટેની વૈકલ્પિક વ્યવસ્થા કરવા પાણી પુરવઠા વિભાગના અધિકારીઓને તાકીદ કરી હતી. તેમણે પાણીની ચોરી અટકાવવા અને ગેરકાયદેસર જોડાણ ધ્યાનમાં આવે તો તેને તાત્કાલિક ધોરણે કાપવા પણ નિર્દેશ આપ્યો હતો.

---------------------------------------------------------------------

- પીટીસી મોરબી અનિલ આર પટેલ

-(NAVIN)

# FOOD CHECKING

અમદાવાદ મહાનગર પાલિકાના ખોરાક વિભાગ દ્વારા માપદંડ ન અનુસરતા એકમો સામે તપાસ કરવામાં આવી છે..

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ગઈ કાલે અલગ અલગ કાફે, હોટલ, રેસ્ટોરાં અને અન્ય ખાદ્ય પદાર્થ વેચતા એકમો સામે સઘન તપાસણી ઝુંબેશ ચલાવવામાં આવી હતી જે અંતર્ગત 131 એકમોની તપાસ કરવામાં આવી હતી તેમજ 13 નમૂના તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યાં હતા.. આ ઉપરાંત 26 એકમોને નોટિસ ફટકારીને એક લાખ પંદર હજાર વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો..

આ ઉપરાંત જે એકમોના ખાદ્ય પદાર્થોમાંથી જીવાત નિકળવાની ફરિયાદો મળી હતી ત્યાં તપાસ કરીને તેમને પણ નોટિસ આપવામાં આવી હતી..

-----------------------------------------------------------------------

- અખબારી યાદી ---હર્ષલ પંડ્યા

-(NAVIN)

# School entrance festival

તાજેતરમાં પૂર્ણ થયેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવમાં ૭૪ હજાર ૩૫૨ મહાનુભાવોએ રાજ્યભરની ૩૧ હજાર ૮૮૫ પ્રાથમિક શાળાઓ અને ૬ હજાર ૩૬૯ માધ્યમિક શાળાઓની મુલાકાત લીધી હતી. પ્રવેશોત્સવ દરમ્યાન ૬ હજાર ૬૮૫ વર્ગખંડ, ૭ હજાર ૮૭૮ કમ્પ્યુટર લેબ અને ૨૬ હજાર ૫૭૦ સ્માર્ટ ક્લાસના લોકાર્પણ અને ઉદ્ઘાટન કરવામાં આવ્યા હતા.

ગઈ કાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતા હેઠળ ગાંધીનગર ખાતે આયોજિત 'પ્રતિભાવ બેઠક' માં ઉપરોક્ત માહિતી આપવામાં આવી હતી. રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ શાળા પ્રવેશોત્સવની સફળતા અંગે મંત્રીઓ અને અધિકારીઓ સાથે મંત્રણા કરીને તેમનાં પ્રતિભાવ જાણ્યા હતા.

‘નમો લક્ષ્મી’ યોજનાને પરિણામે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રવેશોત્સવ દરમિયાન વિદ્યાર્થીનીઓના નામાંકનમાં ગયા વર્ષની તુલનાએ ૬.૫ ટકાનો વધારો થયો છે.

-------------------------------------------------------------------

--માહિતી ખાતુ ગાંધીનગર. અનિલ આર પટેલ

-(NAVIN)

# RAIN

છેલ્લાં પાંચ દિવસથી રાજ્યનાં મોટાં ભાગનાં વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ વરસી રહ્યો છે.

ગઈકાલે રાજ્યનાં 100થી વધુ તાલુકમાં વરસાદી માહોલ રહ્યો હતો. બનાસકાંઠાના દાંતામાં સવારના છ વાગ્યાથી 10 વાગ્યા સુધીનાં માત્ર ચાર કલાકમાં 8 ઇંચ વરસાદ પડતાં ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ હતી. પંચમહાલ જિલ્લાના શહેરામાં ગઇ કાલે સાંજે છથી આઠ દરમિયાન અઢી ઇંચ વરસાદ પડ્યો હતો.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરની યાદી પ્રમાણે ગઇ કાલે સવારે 6 વાગ્યાથી રાત્રિનાં આઠ વાગ્યા સુધી તિલકવાડા, પંચમહાલ અને વડગામ તાલુકામાં અઢી ઇંચ, ખાનપુર, ગળતેશ્વર, પાલનપુર, કઠલાલ, કુકરમુંડા, ઠાસરા તાલુકમાં બે ઇંચ વરસાદ પડ્યો હતો.

હવામાન ખાતાએ આજે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાંક જિલ્લાઓમાં ભારે વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરી છે. આ ઉપરાંત, અમદાવાદ સહિતનાં અનેક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

દરમિયાન, બાયડના ઝાંઝરી ધોધ પાસે અકસ્માતની ઘટનાઓને જિલ્લા કલેક્ટરે ધોધના પાંચ કિલોમીટર સુધીના વિસ્તારોમાં કોતરોમાં 19 જુલાઇ સુધી પ્રવેશ અને ફોટોગ્રાફી પર પ્રતિબંધ મૂકતું જાહેરનામુ પ્રસિધ્ધ કર્યું છે.

---------------------------------------------------------------------

- યાદી. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ડેસ્ક.. અનિલ આર પટેલ -(NAVIN)

# AMC DRY DAY

અમદાવાદ મહાનગર પાલિકાની આરોગ્ય શાખા દ્વારા મચ્છરજન્ય રોગચાળાના નિયંત્રણ માટે મચ્છર નાબૂદી અભિયાન- ડ્રાય ડે તરીકે કામગીરી કરવામાં આવે છે.

દર ગુરૂવારે થતી આ કામગીરી દરમિયાન ગઇકાલે એક લાખ પચાસ હજાર 266 ઘરોની ચકાસણી કરીને 3 લાખ 65 હજાર 710 પાત્રોની તપાસ કરવામાં આવી હતી.. જેમાંથી મચ્છરોનો ઉપદ્રવ મળી આવ્યો હતો જેનો નાશ કરાયો હતો આ ઉપરાંત 8 હજાર 551 પાત્રોને તાત્કાલિક અસરથી ખાલી કરીને મચ્છરોના ઉપદ્રવને અટકાવવાની કામગીરી કરવામાં આવી હતી.

------------------------------------------------------------------------

- અખબારી યાદી–અમદાવાદ મનપા....હર્ષલ પંડ્યા

-(NAVIN)